# રાજકોટ મહાનગરપાલિકા

ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા શહેરી આરોગ્ય સેવાનું માળખું સુવ્યવસ્થિત કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાને ફાળે આવેલ U-PHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) ની નીચે જણાવ્યા મુજબ તદ્દન હંગામી ધોરણે ફિક્સ પગારથી સરકારશ્રીની ૧૦૦ % ગ્રાન્ટ આધારિત જગ્યાઓ ભરવા માટે તા.૦૬/૦૨/૨૦૨૩ સુધીમાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્ત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|
| | | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | | |
| મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) | ૧૧૭ | ૪૮ | ૧૧ | ૩૧ | ૦૯ | ૧૮ | ૦૫ | ૧૧ |

- મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ)ની જગ્યા પર લાયકાત ધરાવતા માત્ર પુરૂષ ઉમેદવારો જ અરજી કરી શકશે.
- ઉક્ત કેડરની લાયકાત, પગારધોરણ, વયમર્યાદા તેમજ અન્ય સંલગ્ન માહિતી માટે વેબસાઈટ www.rmc.gov.in પરથી એનેક્ષર-એ(સુચનાપત્રક) ડાઉનલોડ કરી વિગતો મેળવવી.

(સહી) આશીષ કુમાર
નાયબ કમિશનર(મહેકમ)
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા

## જાહેરાત અંગેની સૂચનાઓ: એનેક્ષર-એ

ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા શહેરી આરોગ્ય સેવાનું માળખું સુવ્યવસ્થિત કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાને ફાળે આવેલ U-PHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર)ની નીચે જણાવ્યા મુજબ તદ્દન હંગામી ધોરણે ફિક્સ પગારથી સરકારશ્રીની ૧૦૦ % ગ્રાન્ટ આધારિત જગ્યાઓ અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ માટે ભરવા કેટેગરી વાઈઝ ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.rmc.gov.in પર તા.૧૭/૦૧/૨૦૨૩ થી તા.૦૬/૦૨/૨૦૨૩(૨૩.૫૯ કલાક) સુધીમાં લોગીન કરી અરજી કરવાની રહેશે.

## શૈક્ષણિક લાયકાત અને પગારધોરણ :

| જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્ત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|
| | | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | | |
| મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) | ૧૧૭ | ૪૮ | ૧૧ | ૩૧ | ૦૯ | ૧૮ | ૦૫ | ૧૧ |

| ક્રમ | સંવર્ગનું નામ | લાયકાત, પગારધોરણ અને વયમર્યાદા |
|---|---|---|
| ૧ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) | **લાયકાત:-**<br>- એચ.એસ.સી. પરીક્ષા પાસ<br>**અને**<br>- સરકાર માન્ય સંસ્થામાંથી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનો એક વર્ષનો કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. **અથવા**<br>- સરકાર માન્ય સંસ્થામાંથી સેનેટરી ઇન્સ્પેક્ટર/હેલ્થ સેનેટરી ઇન્સ્પેકટરનો કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ.<br>**અને**<br>- ગુજરાત સિવિલ સર્વિસીઝ ક્લાસીફીકેશન એન્ડ રિક્રૂટમેન્ટ(જનરલ) રૂલ્સ-૧૯૬૭ માં દર્શાવેલ અને વખતો-વખતના સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઈએ<br>**અને**<br>- ગુજરાતી અથવા હીન્દી અથવા બન્નેનું જ્ઞાન ધરાવતાં હોવા જોઈએ.<br>**પગારધોરણ:-**<br>પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ પગાર રૂ.૧૯,૯૫૦/- ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમા પગારપંચ મુજબ પે મેટ્રીક્સ લેવલ-૨ સ્કેલ ૧૯૯૦૦-૬૩૨૦૦ માં સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.<br>**વયમર્યાદા:-**<br>- વયમર્યાદા : ૧૮ થી ૩૪ વર્ષ(સરકારશ્રીનાં સા.વ.વિ.ના તા.૨૯/૦૯/૨૦૨૨ ના ઠરાવ મુજબ) |

**સુચના :**

| અંધત્વ/ઓછી દ્રષ્ટી | શ્રવણની ખામી | હલનચલનની અશક્તતા અથવા મગજનાં લકવાની અશક્તતા |
|---|---|---|
| ૪૦% થી ૭૫% | ૪૦% થી ૭૫% | OA(ONE ARM),OL(ONE LEG),BL(BOTH LEG),OAL(ONE ARM ONE LEG) |

- તા.૨૫/૦૨/૨૦૨૨ ના રોજ પ્રસિદ્ધ થયેલ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની જાહેરાત રદ્દ કરવામાં આવેલ છે. જેથી આ જાહેરાત અન્વયે અરજી કરવા ઈચ્છુક ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે અને નિયત ફી ઓનલાઈન માધ્યમથી ભરપાઈ કરવાની રહેશે.
- મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ)ની જગ્યા પર લાયકાત ધરાવતા માત્ર પુરૂષ ઉમેદવારો જ અરજી કરી શકશે.
- આરક્ષિત વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫(પાંચ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે તેમજ આરક્ષિત વર્ગનાં મહિલા ઉમેદવાર આરક્ષિત વર્ગની જગ્યા પર અરજી કરશે તો તેમને ૫(પાંચ) વર્ષની છુટછાટ તથા ૫(પાંચ) વર્ષ મહિલા અનામતના એમ કુલ ૧૦(દસ) વર્ષની છુટછાટ આપવામાં આવશે. સરકારશ્રીના ધારાધોરણ મુજબ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદા રહેશે. રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓને ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.
- શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૦૮-૬૯૫૪૦ ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમયાર્દામાં ૧૦(દસ) વર્ષ સુધીની છૂટછાટ તથા મહિલા ઉમેદવારને ૦૫(પાંચ) વર્ષની વિશેષ છૂટછાટ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં મળવાપાત્ર રહેશે.
- શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની અશકતતાની ટકાવારી/વિગત દર્શાર્વવાની રહેશે. આ જગ્યાની કામગીરી ફિલ્ડની હોવાથી શારીરિક અશક્તતાના પ્રકારને ધ્યાને લેવામાં આવશે.
- શારીરિક અશકત તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/આર્થિક રીતે નબળા વર્ગો/સા.શૈ.પ.વર્ગ/અનુ.જાતિ/અનુ.જન જાતિ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે તેમજ તે કેટેગરીની જગ્યામાં સમાવવામાં આવશે.
- સા.વ.વિ.ના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૦૮-જીઓઆઈ-૭-ગ.૨ મુજબ શારીરિક અશકતતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ શારીરિક અશકતતાના લાભો મળવાપાત્ર રહેશે.

- માજી સૈનિકો માટે ઉપલી વયમર્યાદામાં સરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછી ૫(પાંચ) વર્ષની સરક્ષણ સેવા) ઉપરાંત બીજા 03 (ત્રણ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે જે અનામતની કેટેગરીની વયમર્યાદાની છૂટછાટ ઉપરાંતની રહેશે.
- ઉક્ત જગ્યા પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે અન્ય કોઈ માધ્યમ મારફતે કરવામાં આવેલ અરજી રદબાતલ ગણવામાં આવશે. ઉપરોક્ત જગ્યાઓ તથા તેને લગત વધુ વિગતો www.rmc.gov.in પરથી મેળવી શકાશે.
- બિનઅનામત કેટગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૫૦૦/-(પાંચસો) અને અન્ય કેટેગરી(માજી સૈનિક સહીત)ના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૨૫૦/- (બસ્સો પચાસ પુરા) માત્ર રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી ઓનલાઈન માધ્યમથી ભરવાની રહેશે.
- ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજી ફી રીફંડ થશે નહિ/પરત મળશે નહિ.
- અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ લાયકાત, અનુભવ, ઉમર અને અન્ય તમામ પ્રકારની સંલગ્ન ગણતરી કરવામાં આવશે અને ઓનલાઈન અરજીમાં ખોટી વિગતો રજુ કરનાર ઉમેદવારને ભરતીની આગળની કાર્યવાહી માટે ગેરલાયક(નોટએલીજીબલ) ગણવામાં આવશે તથા અરજી કરતી વખતે ઉમેદવારે સબમીટ કરેલ માહિતીમાં પાછળથી કોઇપણ પ્રકારના સુધારાને ધ્યાને લેવામાં આવશે નેહિ.
- ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઇ નિમણુંક અધિકારી દ્વારા ઉમેદવારોના મેરીટ ક્રમાંક નિયત કરવા અંગેની ઉચિત કાર્યપ્રણાલી અનુસરીને પસંદગી કરવામાં આવશે.
- સદરહુ મહેકમના ખર્ચની નાણાકીય જોગવાઈ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા પૂરી પાડવામાં આવશે.
- સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત યોજનાના અનુસંધાને U-PHC (શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર)નું હંગામી મહેકમ ઉપસ્થીત કરવાનું હોઈ, સરકારશ્રીની યોજના અમલમાં હોય અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થાય એ બન્નેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે હંગામી ધોરણે આ મહેકમ મંજુર થયેલ છે. સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમ હોઈ, સંબંધિત યોજના પૂર્ણ થયેથી અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થયેથી સંબંધિત હંગામી મહેકમની મુદ્દત આપોઆપ પૂરી થયેલ ગણાશે તથા આ હંગામી મહેકમ ઉપરના તમામ સ્ટાફની નિયુક્તિની મુદ્દત પણ આપોઆપ પૂરી થયેલ ગણાશે, તેમજ સંબંધિત યોજનાના અનુસંધાને નિયુક્ત કરેલ તમામ સ્ટાફ પોતાની ફરજમાંથી આપોઆપ છુટા થયેલા ગણાશે અને છુટા થયેલા સ્ટાફનો રાજકોટ મહાનગરપાલિકામાં આ અંગે કોઈ પણ પ્રકારનો હક્ક, હિસ્સો, દાવો કે લીયન રહેશે નહિ.
- ઉક્ત જગ્યાઓ આરોગ્ય શાખા હેઠળ અલાયદા "અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ" ના સરકારશ્રીની ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમમાં ભરતી થશે. આ હંગામી સ્ટાફ સેટઅપને રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ સેટઅપમાં સમાવેશ કરવામાં આવશે નહી.
- ઉક્ત જગ્યામાં નિમણુક થયેલાને ફરજ ઉપર હાજર થતા પહેલા રાજકોટ મહાનગરપાલિકાના ઠરાવની શરતો કબુલ છે તે બાબતનું નોટરાઈડ બાહેંધરીપત્રક આપવાનું રહેશે.
- વધુ માહિતી માટે વેબસાઈટ www.rmc.gov.in ની વખતો-વખત મુલાકાત લેવી.
- આ જાહેરાત કોઇપણ કારણોસર રદ્દ કરવાની,ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તે અન્વયેનો આખરી નિર્ણય કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

## કોમ્પ્યુટર વિષયક લાયકાત:

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના સામાન્ય નિયમો-૧૯૬૭ ના નિયમ-૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.પ. સાથેના પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરનાં બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. ઉમેદવાર ગુજરાતી અને હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

## નાગરિકત્વ:

પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા(ધ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૦૧/૦૧/૧૯૬૨ પહેલા ભારતમાં આવેલા તિબેટના નિર્વાસિત અથવા (ચ) પાકિસ્તાન, બર્મા,શ્રીલંકા અને પૂર્વ આફ્રિકાના દેશો- કેન્યા, યુગાન્ડા, વિયેતનામ, ઝામ્બીયા, મલાવી, ઝેર, ઇથોપિયા, યુનાઈટેડ, રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના, દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણુંક માટે પાત્ર બનશે. આ જગ્યા માટે ઉમેદવાર ગુજરાત રાજ્યના વતની અને ગુજરાત રાજ્યના ડોમીસાઈલ હોવા જોઈએ.

## ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :

- ➢ ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા રાજકોટ મહાનગરપાલિકા માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજુ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદ્દબાતલ ગણવામાં આવશે.
- ➢ બિનઅનામત કેટેગરીનાં ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૫૦૦/-(પાંચસો) અને અન્ય કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૨૫૦/- (બસ્સો પચાસ પુરા) માત્ર રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી ઓનલાઈન મોડથી જમા કરાવવાના રહેશે આ અરજી ફી માત્ર અને માત્ર ઓનલાઈન/નેટ બેન્કિંગથી જ સ્વીકારવામાં આવશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો અરજી નં. તથા ટ્રાન્ઝેક્શન આઈ.ડી.સાચવી રાખવાના રહેશે. અરજી ફી ભર્યા બાદ રીફંડ આપવામાં આવશે નહિ. ફી ભર્યા વગરની અરજી રદ્દ થવા પાત્ર રહેશે. અરજી ફી ન ભરનાર ઉમેદવારને કોઈ પણ પ્રકારની લેખિત પરીક્ષા/સ્ક્રીનિંગ ટેસ્ટ/મૌખિક ઇન્ટરવ્યુ પૈકી નિમણુંક અધિકારી દ્વારા જે કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવશે તેમાં બેસવા દેવામાં આવશે નહિ.
- ➢ ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ Upload કરેલ હોય, તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (લેખિત પરીક્ષા/ઇન્ટરવ્યુ/વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ જ કરવાનો રહેશે.
- ➢ કોઇપણ ઉમેદવાર એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરશે તો તેઓની અરજી/અરજીઓ રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા રાજકોટ મહાનગરપાલિકાની રહેશે.
- ➢ ઉંમર, લાયકાત અને સંલગ્ન બાબતો ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની માન્ય ગણવામાં આવશે.
- ➢ માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.
- ➢ રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીએ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે છેલ્લા માસની પગારસ્લીપ રજૂ કરવાની રહેશે. આ ઉપરાંત જો એક કરતાં વધુ હોદ્દા ઉપર ફરજ બજાવેલ હોય તો પ્રમોશન કે સિલેકશનના હુકમની નકલ અવશ્યપણે રજૂ કરવાની રહેશે.
- ➢ અનામત જાતિના ઉમેદવારે તેની જાતિ અંગે ગુજરાત સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ નમૂના મુજબનું સરકારશ્રીના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- ➢ મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ, આ.ન.વ. ના ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે. ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્ય દ્વારા ઇસ્યુ કરેલ ઉપરોક્ત જાતિના સર્ટી.ને આધારે અનામત અંગેનો કોઇ પણ લાભ મળવાપાત્ર રહેશે નહી.
- ➢ નિયમાનુસાર મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ(૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ➢ મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારે અનામત જગ્યા ઉપર કે બિનઅનામત જગ્યા ઉપર અરજી કરવાની છે કે કેમ ? તે ઓનલાઇન અરજી ફોર્મમાં સ્પષ્ટ જણાવવાનું રહેશે અને મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારો બિનઅનામત જગ્યા ઉપર અરજી કરશે તો આવા ઉમેદવારોને બિનઅનામત જગ્યા ઉપર ઉમેદવારોને લાગુ પડતા ધારા-ધોરણો લાગુ પડશે.
- ➢ ઉમેદવારે ઓનલાઇન અરજીમાં જે જાતિ (કેટેગરી) દર્શાવેલ હશે તેમાં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- ➢ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે:
  - ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક અથવા તા.૨૭/૦૪/૨૦૧૭ ના ઠરાવથી નિયત કરાયેલ પરિશિષ્ટ-૪ મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

- પરિણિત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકને આધારે જ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકને આધારે આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેઓને અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.
- પરિશિષ્ટ-ક અથવા પરિશિષ્ટ -૪ ને સ્થાને અંગ્રેજીમાં આપેલું Annexure-A નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં. જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહી.
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૬/એ અને આ અંગે વખતો-વખત સરકારશ્રીના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનું પ્રમાણપત્ર ઉમેદવાર ધરાવતા હોવા જોઇએ.

➢ મહિલા ઉમેદવાર જો તેમના પિતાને બદલે પતિના નામે અરજી કરવા માંગતા હોય તો તેમણે લગ્ન રજીસ્ટ્રેશનની નકલ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ફરજીયાતપણે રજુ કરવાની રહેશે.

➢ ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય તેવા ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે રાજકોટ મહાનગરપાલિકાની કોઇ જવાબદારી રહેશે નહી.

➢ સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઈ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં. જેની નોંધ લેવી, ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે વખતો-વખત રાજકોટ મહાનગરપાલિકાની વેબ સાઇટ http://www.rmc.gov.in જોતા રહેવા વિનંતિ છે.

➢ ઉમેદવારને લેખિત પરીક્ષા કેન્દ્ર તથા સ્થળ કોઇપણ સંજોગોમાં બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

➢ ઉમેદવારોએ લેખિત પરીક્ષા/ ઇન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.

➢ પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ રાજકોટ મહાનગરપાલિકાની સ્ટાફ સિલેક્શન કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

➢ પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.

➢ ઉમેદવારે ઓનલાઇન અરજીમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ્દ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજુ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલુમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ કરવામાં આવશે.

➢ સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટીના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

➢ આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ્દ કરવાની કે તેમા ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો રાજકોટ મહાનગરપાલિકાનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને રાજકોટ મહાનગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

➢ સદર ખાલી પડેલ જગ્યાઓની ભરતી પ્રકીયા જે તે સમયના રોસ્ટર નિયમને આધીન કરવામાં આવેલ છે.

➢ જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, તમામ ઉમેદવારોને આગળની ભરતી પ્રક્રિયા માટે વિચારણામાં લેવા કે મેરીટના આધારે શોર્ટલીસ્ટ કરી આગળની ભરતી પ્રકીયા/લેખિત પરીક્ષા/મૌખિક ઈન્ટરવ્યુ/ઓનલાઇન પરીક્ષા માટે વિચારણામાં લેવા તે અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે. વધુમાં, લેખિત પરીક્ષા લેવાના સંજોગોમાં લેવાની થતી સંભવિત લેખિત/ઓનલાઇન પરીક્ષા જરૂર જણાયે એક કરતાં વધુ સેશનમાં, જુદા-જુદા શહેરોમાં યોજવામાં આવશે. જે બાબતે ઉમેદવારો કોઇ તકરાર કરી શકશે નહી.

➢ જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, આગળની ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારોને માન્ય ગણવા અંગે નીતી નક્કી કરવા મ્યુનિ.કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.